## ઉત્પાદન અને આવક-આર્થિક દ્રષ્ટિકોણ

મલેશિયન નીમ બાયો માસ એનર્જી પ્રોડક્ટ જેવા કે સિમેન્ટ, ગ્લાસ, સ્ટીલ તથા એલ્યુમિનિયમ ઉદ્યોગો તથા પ્લાયવુડ વેનિયર બનાવવામાં વપરાતા હોય છે. ક્યુબીક ફૂટના ભાવે બજારમાં વેચાય છે. દક્ષિણ ભારતમાં સાઈઝ પ્રમાણે મિલિયા ડુબીયાનું લાકડું ૧૫ થી ૨૫ રૂા. પ્રતિ કિલોના ભાવે પણ વેચાય છે જેનો ઉપયોગ ફર્નિચરમાં થાય છે. પ્રતિ એકરે અંદાજીત રૂા.૬૦૦૦/- પ્રતિ ટન દીઠ ૮ થી ૧૦ વર્ષમાં ૧૨ થી ૧૫ લાખની આવક (માવજત મુજબ) મળી શકે છે.



| ક્રમ | વિગત | પ્રતિ એકર જરૂરીયાત | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | કુલ રોપા (નંગ) | ૪૦૦ | રૂા.૮૦૦૦/- |
| ૨ | રોપણી ખર્ચ | - | રૂા.૪૦૦૦/- |
| ૩ | ખાતર (સેન્દ્રીય) | ૧૦ બેગ | રૂા.૩૦૦૦/- |
| ૪ | પિયત | જરૂરીયાત મુજબ | રૂા.૮૦૦૦/-* |
| ૫ | કુલ (આઠ વર્ષ) | - | રૂા.૧,૬૦,૦૦૦/- |

* વર્ષ ૨૦૧૬ ને ધ્યાનમાં રાખીને

** કુલ અંદાજીત ખર્ચ પ્રતિ એકરે



## પુનઃખરીદી (બાયબેક) કરાર

**ભારતમાં પ્રથમવાર ખેડૂતોના હીતમાં રાજ્ય સરકાર મારફતે વેચાણ અંગેનો કરાર**

**નીચે મુજબ શરતે**

- રોપા ૧૦ X ૧૦ ફૂટના અંતરે રોપવાના રહેશે.
- સમગ્ર વાવેતરમાંથી કોઈપણ ઝાડ વચ્ચેથી કાપી શકાશે નહિ.
- આંતરપાક લઈ શકાય. (વૃક્ષ સિવાય)
- વાવેતરના ૮ (આઠ) વર્ષ પૂર્ણ થતાં ખેડૂતોના ખેતરમાંથી તમામ ઝાડ રૂા.૬૦૦૦ પ્રતિ ટનના દરે બાયબેક ગેરંટીમાં ખરીદી થશે. (જો કરાર અંતર્ગત વેચાણ કરવું હોય તો જ)
- ઝાડના થડનો ઘેરાવો અને ઝાડનો વિકાસ ૮ વર્ષ પહેલાં સારા થાય તો સમગ્ર વાવેતર વહેલા પણ પરસ્પર સમજૂતીથી કાપી શકાશે.
- ખરીદી સમયે બજારમાં વધુ ભાવ હશે તો તે સમયના બજાર ભાવે ઝાડ ખરીદાશે. તેમ છતાં ખેડૂત સ્વતંત્ર રીતે અન્ય વેપારીને વેચાણ કરી શકશે.
- બાયબેક કરારમાં ખેડૂત ઈચ્છે તો જ સમાવેશ કરી શકાશે.
- સરકારશ્રીની યોજના મુજબ સબસીડીની સહાય તો ખરી જ.
- લીમડા કાપવાની પરવાનગી તથા રોડ પાસ વન-વિભાગ પાસેથી મેળવનારની જવાબદારી ખરીદનારની રહેશે.
- રોપાની કિંમત હાલ રૂા.૨૦/- છે. (વાહતુક મજૂરી અલગ)



પ્રકાશન અને સંપર્ક વિભાગ, ગાંધીનગર

**વન વિભાગ**
ગુજરાત રાજ્ય

### મલેશીયન નીમ - મલબારી લીમડા

# મિલિયા ડુબીયા લીમડા





પ્રકાશન અને સંપર્ક વિભાગ, ગાંધીનગર

**વન વિભાગ**
ગુજરાત રાજ્ય



# મિલિયા ડુબીયા લીમડા

પાંચ વર્ષથી ગુજરાત રાજ્યનાં સામાજિક વનીકરણ વિભાગની વિવિધ યોજના અંતર્ગત ખેડુતોને વૃક્ષ ખેતી તરફ પ્રોત્સાહિત કરી વાર્ષિક ૨૦ થી ૨૫ લાખ સુધી નિલગીરી, સરગવો, મિલિયા ડુબીયા લીમડા વગેરે વૃક્ષોનું વાવેતર કરવા પ્રેરિત કરીને સરકારશ્રીની યોજના મુજબ ખેડુતોને સબસીડી વગેરે અપાવવાની માહિતી પુરી પાડીને કામગીરી કરેલ છે.

ચાલુ સાલે ભારત સરકારની (સબ મિશન એગ્રો ફોરેસ્ટ્રી) યોજના અન્વયે ખૂબ જ વિપુલ પ્રમાણમાં ગુજરાતમાં મિલિયા ડુબીયા લીમડા (મલેશિયન નીમ) ના વાવેતરની ઝુંબેશ અમોએ ઉપાડેલ છે. (યોજના સંપૂર્ણ પણે સરકારી છે અમો માત્ર મધ્યસ્થીની ભૂમિકા ભજવીએ છીએ.)

સદર યોજના અંતર્ગત ગુજરાતના કોઈપણ ખેડુતને ૨૦૦ થી લઈને કોઈપણ મર્યાદા વગર મિલિયા ડુબીયા લીમડાનું વાવેતર કરી શકાય. જે અન્વયે એક હેક્ટર (૧૦૦૦ છોડ) માટે પ્રતિ છોડ રૂ.૧૬ સબસિડી (રૂ.૮ + ૪ + ૪) ત્રણ તબક્કામાં મળવાપાત્ર છે. તેવી જ રીતે એક હેક્ટરથી વધુ વાવેતર માટે ખેડુતને રૂ.૧૨ સબસિડી (રૂ.૬ + ૩ + ૩) મળવાપાત્ર છે.



## લીમડાને અનુકૂળ જમીન અને આબોહવા

૧. લીમડાને સમશીતોષણ આબોહવા બધાજ પ્રકારનું વાતાવરણ અનુકૂળ છે.
૨. પાણી ભરાઈ ન રહેતું હોય તેવી તમામ પ્રકારની જમીન માફક આવે છે.
૩. ૧૦ X ૧૦ ફૂટે વાવેતર
૪. પ્રતિ એકરે ૪૦૦ રોપાની જરૂર
૫. ઉનાળામાં ૧૫ થી ૨૦ દિવસે તથા શિયાળામાં ૨૦ થી ૩૦ દિવસ પિયત જરૂરી છે.
૬. ડ્રીપ હોય તો ઝડપી વિકાસ થાય છે.
૭. વાવેતર સમયે પાયામાં ખાડો કરી દેશી ખાતર આપવું જરૂરી છે.
૮. પુરક ખાતર પણ આપી શકાય. (સેન્દ્રીય તેમજ રાસાયણિક)

## શા માટે? મિલિયા ડુબીયા લીમડા



- સૌથી ઝડપી વિકાસ પામતી વૃક્ષની જાત.
- ૮ થી ૧૦ વર્ષમાં કાપણી કરી શકાય.
- કાપણી બાદ ફરી ફૂટે, ફરી વાવેતરની જરૂર નહિ.
- ૩ X ૩ મીટરના માપે વાવેતર, નીલગીરીની જેમ સીધો વિકાસ.
- આંતરપાક લઈ શકાય.
- જંગલી કે પાલતું પશુ કે પક્ષી કોઈનો ઉપદ્રવ નહિ.
- ખેતીના ખર્ચમાં ૯૦ સુધી ઘટાડો કરી શકાય.
- ૮ થી ૧૦ વર્ષ બાદ અંદાજીત પ્રતિ એકરે ૧૨ થી ૧૫ લાખ સુધીની આવક (પ્રતિ એકરે વાર્ષિક ૧.૫ થી ૨ લાખ)
- ૮ (આઠ) વર્ષ પછી કાપણી થતાં રૂ.૬૦૦૦ પ્રતિ ટનના ભાવે વેચાણનો કરાર થઈ શકે છે.

## મિલિયા ડુબીયા લીમડાની ગુણવત્તા

- એક સરખી રીતે સીધાં ઝડપથી વધે છે.
- ઘેરો લીલો અને છત્રી આકારે વધે છે. દેખાવે સુંદર લાગે છે.
- છ મહિનામાં સારૂં પાણી મળવાથી ૧૦ થી ૧૨ ફુટની ઉંચાઈ પ્રાપ્ત કરે છે.
- એક વર્ષમાં ૨૦ ફુટથી ૨૨ ફુટ તથા ૧૮ ઈંચનો ઘેરાવો પ્રાપ્ત થાય છે.
- ગાય, ભેંસ, તથા કોઈપણ જાનવર તેના પાન ખાઈને નુકશાન પહોંચાડતા નથી.
- ઉધઈ પણ તેનાં રોપને નુકશાન પહોંચાડી શકતી નથી.
- પેસ્ટીસાઈડ પણ બચે છે.

**ઉપરના તમામ લાભો મેળવવા માટે સારી ગુણવત્તા વાળા રોપા મેળવવા તથા માર્ગદર્શન અને માહિતી માટે સંપર્ક કરો.**

ગુજરાત રાજ્યની સામાજિક વનીકરણ વિભાગની તમામ પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી (રેન્જ ઓફિસ) તમામ નાયબ વન સંરક્ષકશ્રી (સામાજિક વનીકરણ) ની કચેરીથી યોજનાકીય માહિતી તેમજ માર્ગદર્શન મેળવી શકાશે.

આવનાર સમયમાં સરકારશ્રીની વન વિભાગની નર્સરીઓ દ્વારા મિલિયા ડુબીયાના રોપાનો ઉછેર થનાર હોય તો સરકારી નર્સરીમાંથી રોપા ખરીદીને વાવેતર થઈ શકશે.

